દિલ્હીમાં ૨૦ હજાર લીટર પાણી મફત અપાશે

'આપ' સરકાર દરેક પરિવારને મહિને ૨૦ હજાર લીટર મફત પાણી આપવા નિર્ણય : દિલ્હીના મોટી સંખ્યાના લોકોને એએપીની પ્રથમ ભેટ : ચૂંટણી વચનોને પૂર્ણ કરવાની ઝડપથી શરૂઆત : તબિયત ખરાબ હોવા છતાં મુખ્યમંત્રી કેજરીવાલની પોતાના આવાસ પર જળ અધિકારીઓ સાથે બેઠક

નવી દિલ્હી,તા. ૩૦

દિલ્હીના દરેક પરિવારને હવે મહિને ૨૦હજાર લીટર પાણી મફત આપવામાં આવશે. આ વ્યવસ્થા હાલમાં ત્રણ મહિના માટે અમલી બનાવવામાં આવી છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં નવી આમ આદમી પાર્ટીની સરકારે પોતાના ચૂંટણી વચનો પૈકીના એકને અમલી બનાવીને આજે આ મુજબની જાહેરાત કરી હતી. અરવિંદ કેજરીવાલ અને દિલ્હી જળ બોર્ડના અધિકારીઓની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. દિલ્હીમાં પાણીના કાયદેસરના મિટરવાળા તમામ ઘરોમાં પહેલી જાન્યુઆરીથી આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ રીતે દરેક ઘરને દરરોજ આશરે ૬૬૬ લીટર પાણી મળી શકશે જો કે જે પરિવાર મહિને ૨૦૦૦૦ લીટરથી વધારે પાણીનો ઉપયોગ કરશે તેને સંપૂર્ણ ઉપયોગ માટે બિલની ચૂકવણી કરવી પડશે. આ સુવિધા હાલમાં ૩૧મી માર્ચ સુધી અમલી બનાવવામાં આવશે. એએપીની આ વ્યવસ્થાને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. દિલ્હીના લોકોને પ્રથમ ભેટ અરવિંદ કેજરીવાલે આપી દીધી છે.

● અનુસંધાન પાન-૬ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૯૦ | ૩૧ ડિસેમ્બર, ૨૦૧૩, મંગળવાર; માગશર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તમને કોઇના સગા તો ઇશ્વર બનાવે છે પરંતુ કોઇના વ્હાલા તો તમારે પોતાને જ બનવાનું હોય છે
- જનકલ્યાણ

ઘ-૪ થી ચ-૪ વચ્ચેના બંને માર્ગો બંધ કરાશે

અઠવાડીયામાં જ સ્વર્ણિમ પાર્ક ફેઈઝ-૨નું કામ શરૂ થઈ જશે

ગાંધીનગર, તા.૩૦

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજનાનું કામ હવે આગળ હાથ ધરાશે. સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેકટને લઈ બીજા તબક્કાની કામગીરી પાછળ રૂ. ૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. પ્રોજેકટની કામગીરી સંદર્ભે ટેન્ડરને મંજુરી અપાતા સપ્તાહ બાદ કામ શરુ કરી દેવાશે. જયારે ઘ-૪ થી ચ-૪ વચ્ચેનો હયાત રસ્તો પણ બંધ થઈ જશે.

સ્વર્ણિમ પાર્કની યોજનાને અનુલક્ષી બીજા તબક્કાની કામગીરી હાથ ધરવા લાંબા સમયથી આયોજન કરવામાં આવી રહ્યું હતું. પ્રથમ તબક્કામાં ગ-૪ થી ઘ-૪ સુધીના રૂટમાં રસ્તા અને ફૂટપાથ ઉપરાંત સીટીંગ અમ્બ્રેલા, ફૂડકોર્ટ, બગીચા સહિતનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. જયારે બીજા તબક્કાના પ્રોજેકટ સંદર્ભે વિવિધ ડિઝાઈન તૈયાર કરાયા બાદ ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશનના અંતે આખરી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઘ-૪ થી ચ-૪ના આ પ્રોજેકટમાં મધ્યભાગમાં વોટરબોડી અસ્તિત્વમાં આવશે. ફાઉન્ટેઈન, ફૂડકોર્ટ, ગાર્ડન, અદ્યતન બેઠક વ્યવસ્થા સાથે અનોખી ભાતના વોક વે નું નિર્માણ કરાશે. સમગ્ર પાર્કમાં હાર્ડ અને સોફટ તેમ વિવિધ બે પ્રકારનું લેન્ડ સ્કેપીંગ કરવામાં આવશે. આ કામગીરીના અંતે સમગ્ર વિસ્તારનો નઝારો બદલાઈ જશે. પાટનગરની આગવી ઓળખ બનનારા સ્વર્ણિમ પાર્કનું કામ હાથ ધરવા અગાઉ ટેન્ડર પ્રક્રીયા આરંભાઈ હતી. વિભાગ કક્ષાએથી ટેન્ડરને મંજુરી આપી દેવાતા સપ્તાહ બાદ બીજા ફેઈઝનું કામ શરુ થઈ જશે. બીજા તબક્કાની કામગીરીને અનુલક્ષી હાલ આ રૂટમાં હયાત બે રસ્તા બંધ કરી દેવાશે. ઘ-૪ થી ચ-૪ તરફની અવર જવર માટે હયાત રસ્તાઓ બંધ કરવા જિલ્લા મેજીસ્ટ્રેટ કક્ષાએથી જાહેરનામું બહાર પાડવા પાટનગર યોજના વિભાગ દ્વારા દરખાસ્ત કરી દેવાઈ છે.

શિયાળાના શાકભાજી - શિયાળામાં લીલા શાકભાજીની માંગ ખૂબ જ હોય છે... હમણાં હમણાં પથિકાશ્રમ પાસે ફૂટપાથની બાજુમાં વહેલી સવારે જથ્થાબંધ શાકભાજીની ખરીદી કરી શાકભાજીની લારીઓવાળા સેકટરમાં ફેરી કરવા નિકળી પડે છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

NEWS બિટ્સ

શિવરાજસિંહને ઈન્ડિયા બીઝનેસ લીડરશીપ સન્માન

સતત ત્રીજીવાર મધ્યપ્રદેશના મુખ્યમંત્રી પદે આરૂઢ થનાર શિવરાજસિંહ ચૌહાણની સીએનબીસી ટીવી-૧૮એ આ વર્ષે ઈન્ડિયા બિઝનેસ લીડરશીપ એવોર્ડ માટે પસંદગી કરી છે. એવોર્ડ માટે બનાવવામાં આવેલ નિર્ણાયકોની પેનલે શિવરાજસિંહના નેતૃત્વની પ્રશંસા કરીને મધ્યપ્રદેશને 'સ્ટેટ ઓફ ધ યર' નું સન્માન આપવાનું નક્કી કર્યું છે.

બીગ બી ફરી હોલીવુડમાં



ધ ગ્રેટ ગેટ્સબાયમાં હોલીવુડમાં ડેબ્યુ કર્યા બાદ મેગા સ્ટાર અમિતાભ બચ્ચન વિકાસ સ્વરૂપની 'સિક્સ સસ્પેકટસ' પરથી બનનારી હોલીવૂડ ફિલ્મમાં રોલ કરવાના હોવાની વાત સંભળાઈ રહી છે. ૭૧ વર્ષીય બીગ બીનો બીબીસી અને સ્ટાર ફિલ્ડ પ્રોડકશને સંપર્ક સાધ્યો હોવાનું માનવામાં આવે છે. જેને આર્જેન્ટીનાના એવોર્ડ વિજેતા ફિલ્મ સર્જક પાબલો ટોપેરો ડિરેકટર કરવાના છે.

કાળી શાહીથી અપવિત્ર બનેલા એનસીપી નેતાને દૂધ સ્નાન

મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં એનસીપીના નેતા હસન મુશરફ પર અજ્ઞાત કાર્યકરે શાહી ઢોળી અશુધ્ધ કરતાં પક્ષના અન્ય કાર્યકરોએ દૂધ સ્નાન કરાવી શુધ્ધ કર્યા હતા. દૂધ સ્નાનથી ઉભા થયેલા વિવાદના પગલે મહારાષ્ટ્રના મજુર કલ્યાણ મંત્રી હસન મુશરફે ટેકેદારોના પગલાં અંગે માફી માંગી હતી.

જિલ્લાના ૭ ગામોમાં ૧૯મીએ પેટા ચૂંટણી

રાંધેજા સરપંચ અને ૩વોર્ડ સભ્યોની પેટા ચૂંટણી પણ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર તાલુકાની રાંધેજા ગ્રામ પંચાયતના સરપંચ સહિત ૭ ગ્રામ પંચાયતોની દસ બેઠકોની પેટા ચૂંટણી આગામી ૧૯ મી જાન્યુઆરીના રોજ યોજાશે.

આજે આ પેટા ચૂંટણીઓ યોજવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. આ પેટા ચૂંટણીઓમાં રાંધેજા ગ્રામ પંચાયતના સરપંચ તેમજ ત્રણ વોર્ડની પેટા ચૂંટણી ઉપરાંત દોલારાણા-વાસણાના એકવોર્ડની અને દહેગામ તાલુકાની પાંચ પંચાયતોની વોર્ડ બેઠકો માટેની પેટા ચૂંટણી યોજાશે.

આ પેટા ચૂંટણી માટે આજે જાહેરનામું પ્રસિધ્ધ થતાં જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ૪થી જાન્યુઆરી સુધી આ પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરી શકાશે.

રાંધેજા ગ્રામ પંચાયતના સરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થતાં રાજીનામું આપ્યું હતું. રાંધેજા ગ્રામ પંચાયતમાં ૨૫ વોર્ડ બેઠકો છે જેમાંથી

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર જિલ્લાના પંચાયત પદાધિકારીઓ અને અધિકારીઓને તાલિમ અપાશે

ગાંધીનગર, તા.૩૦

રાજીવ ગાંધી પંચાયત સશકિતકરણ અભિયાન અંતર્ગત ૩૧ ડિસે. થી ૩ જાન્યુઆરી સુધી જિલ્લાના પંચાયતના પદાધિકારીઓ અને અધિકારીઓને ખાસ તાલિમ આપવામાં આવશે.

જિલ્લાની ચાર તાલુકા પંચાયતો માટેનો અભ્યાસ તાલિમ વર્ગ ૩૧ ડિસેમ્બરથી શરૂ થશે. પાંચ દિવસીય આ તાલિમમાં પંચાયતી રાજના વહીવટના સુદૃઢીકરણ તેમજ વધુ પારદર્શી બનાવવા માટે ભાર મુકવામાં આવશે. આ ઉપરાંત પદાધિકારીઓની સત્તાઓની સોંપણી કેટલી છે અને કયારે કયારે વાપરી શકાય તે વિશેની સમજ પણ આપવામાં આવશે.

ખાસ કરીને પંચાયતી રાજ સંસ્થાના આવકના સ્રોતો, બજેટ કેવી રીતે બનાવવું, ખર્ચની જોગવાઈઓ સહિતની નાણાંકીય વિષયક તાલિમ પણ આ અભ્યાસવર્ગમાં આપવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાનો તાલિમ વર્ગ સાદરા તાલીમભવન ખાતે આજથી શરુ થશે. આ પછી માણસાનો તાલિમ વર્ગ ગાયત્રી મંદિર, દહેગામમાં વેરાઈ માતાના મંદિર ખાતે તેમજ કલોલ જન શિક્ષણ સંસ્થાન ખાતે આ તાલિમ વર્ગ ૨૮ જાન્યુઆરી સુધીમાં યોજાશે

૨૮ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી સાદરા ખાતે ગાંધીનગર જિલ્લા પંચાયતના પદાધિકારીઓ અને અધિકારીઓને તાલિમ આપવામાં આવશે.

પંચાયતના અધિકારીઓ અને પદાધિકારીઓને તાલિમ આપવાની જવાબદારી સાબરકાંઠા જિલ્લાની સ્વેચ્છીક સંસ્થા 'પરબ' ને જવાબદારી સોંપવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે. આ તાલિમમાં ૩ દિવસની બેઝિક તાલિમ અને ૨ દિવસની ફંકશનરી તાલિમ આપવાનું નક્કી કરાયું છે.

પંચાયતમાં અધિકારીઓ અને પદાધિકારીઓને સાથે રાખી પ્રથમ વખત તાલિમ આપવાનું આયોજન કરાયું છે.

ગાંધીનગરમાં નારાયણ સાંઈનો વોઈસ સ્પેકટ્રોમિટર ટેસ્ટ કરાયો

બળાત્કાર અને લાંચ કેસમાં ફસાયેલા નારાયણ સાંઈને પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ગાંધીનગર એફએસએલમાં લવાયો હતો

ગાંધીનગર, તા.૩૦

બળાત્કાર અને લાંચ કેસમાં ફસાયેલા આસારામના પુત્ર નારાયણ સાંઈને આજે સુરત પોલીસ સઘન બંદોબસ્ત વચ્ચે ગાંધીનગર સ્થિત એફએસએલ કચેરીમાં લઈ આવી હતી જયાં નારાયણ સાંઈનો વોઈસ સ્પેકટ્રોમિટર ટેસ્ટ કરાયો હતો. આજે દિવસ દરમિયાન શહેરમાં નારાયણ સાંઈની ચર્ચાએ ભારે જોર પકડયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ બળાત્કારના કેસમાં ફસાયેલા આશારામના પુત્ર નારાયણ સાંઈની લાંબી છુપાછુપી બાદ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને સુરત પોલીસને સોંપવામાં આવ્યા બાદમાં સુરત પોલીસને કેસ નબળો કરવાના અને પુરાવાનો નાશ કરવાના સંદર્ભે નારાયણ સાંઈના કેટલાક લોકોએ તપાસ અધિકારીને આશરે રૂ. ૧૩ કરોડની લાંચ આપવાની ડીલ થવા પામી હતી. જેમાં સુરત પોલીસના ઉચ્ચ અધિકારીએ સમગ્ર લાંચ પ્રકરણ પકડી પાડયું હતું. આ લાંચ પ્રકરણમાં કોની કોની સંડોવણી છે તેની વધુ તપાસ માટે આજે સુરત પોલીસ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આરોપી

● અનુસંધાન પાન-૭ પર

ક-૫ થી ક-૭ વચ્ચે ૭૮ લાખનો ખર્ચે સ્ટોર્મ વોટર લાઈન નંખાશે

ચોમાસામાં જળબંબાકારની સ્થિતિ ડામવા ખાસ આયોજન

ગાંધીનગર, તા.૩૦

શહેરના 'ક' માર્ગ પરથી ક-૫ થી ક-૭ વચ્ચે સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ. ૭૮ લાખનો ખર્ચ કરવામાં આવશે. આગામી ચોમાસામાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા હલ થશે.

શહેરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સંદર્ભે અત્યાર સુધીમાં માત્ર ૭ જેટલા સેકટરોમાં જ સ્ટોર્મ વોટરલાઈન નાંખવામાં આવી છે. જયારે અન્ય સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરવા તંત્ર કક્ષાએથી રજૂ થયેલી દરખાસ્ત વિભાગમાં ધૂળ ખાય છે. આ મામલે અગાઉ રીવાઈઝ દરખાસ્ત તૈયાર કરાયા બાદ પણ વર્ષોના અંતે શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની બાકી કામગીરી પૂર્ણ કરવા કોઈ નિર્ણય લેવાયો નથી. જેના પરિણામે વરસાદી દિવસોમાં સેકટરોના રીંગ રોડ અને આંતરિક માર્ગો પર પાણીનો ભરાવો સ્થાનિક રહીશો માટે સમસ્યારૂપ બની રહે છે. જયારે સતત વરસાદી પાણી ભરાઈ રહેતા માર્ગોનું પણ ધોવાણ થાય છે. શહેરના મુખ્ય 'ક' માર્ગના નવીનીકરણનું કામ થોડા દિવસો પૂર્વે જ પૂર્ણ કરાયું છે. જયારે આ માર્ગ પર ક-૫ થી ક-૭ વિસ્તારમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો ભરાવો થાય છે. રોડ નં. ૬ પર પણ રેલવેનું બોક્ષ તૈયાર થઈ જતા હવે આ બોક્ષ મારફતે પાઈપલાઈન પસાર કરી ક-૫થી ક-૭ના વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ. ૭૮ લાખનો ખર્ચ થશે. આ મામલે ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરી દેવાઈ છે. ટૂંકમાં કામ શરુ કરી દેવાશે.

રાંધેજા-પેથાપુર વચ્ચે અકસ્માતમાં ખ્રિસ્તી ધર્મગુરૂનું કરૂણ મૃત્યુ

ગાંધીનગર, તા.૩૦

રાંધેજા-પેથાપુર મધ્યે આજે ડમ્પર અને વેગનઆર વચ્ચે થયેલા માર્ગ અકસ્માતમાં જીવન-વિકાસ કેન્દ્રના ધર્મગુરૂ રોકી ડી કેલ્વાનું દુઃખદ અવસાન થયું છે. આજે સાંજના સુમારે થયેલા આ માર્ગ અકસ્માતમાં આ બંને વાહનો સામ સામે ટકરાયા હતા. જેમાં ધર્મગુરુ ડી કેલ્વાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ રસ્તામાં જ તેમનું દુઃખદ અવસાન થયું હતું. રોકી ડી કેલ્વાના અવસાનના સમાચાર વાયુ વેગે પ્રસરતા તેના ચાહકોનો વિશાળ વર્ગ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બનાવમાં ડમ્પરનો ડ્રાયવર ડમ્પર મુકી ભાગી છુટયો હોવાનું જાણવા મળેલ છે.